### એક દિવસમાં ૩૦૦ રોપા વાવ્યા

# કેપી ગ્રુપે માતર ગામની પડતર જમીનમાં એક હજાર વૃક્ષોનું રોપણ શરૂ કર્યું





ભરૂચ, તા.૧૦

કેપી ગ્રુપની ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદિત કરતી કંપની કેપીઆઈ ગ્રીન હાઈડ્રોજન પ્રા.લિ.ની ટીમ દ્વારા સીએસઆર આર્મ કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના માધ્યમથી માતર તલપદ ગામના પડતર જમીન પર ૧૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર શરૂ કર્યું છે. પર્યાવરણની જાળવણીના ભાગરૂપે માતર-આઝમનગર ગ્રુપ ગ્રામ પંચાયતના સહયોગથી આજે ૩૦૦ વૃક્ષોની વાવણી કરી હતી. આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ ઈરફાન ઉગરાદારે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કર્યું હતું.

રિન્યુએબલ એનર્જીમાં કામ કરતી ૩૦ વર્ષ પુરાણી સંસ્થા કેપી ગ્રુપે ભરૂચ-ભાવનગર-પોરબંદર, સુરત-કચ્છ સહિતના વિવિધ વિસ્તારોમાં અત્યારસુધી પાંચ લાખથી વધુ વૃક્ષોની વાવણી કરી તેની જાળવણી કરી છે. જેમાં ડુમસ અને પોરબંદરના દરિયાકાંઠે મેન્ગ્રુવ્સ છોડવાનું વાવેતર પણ સામેલ છે. કંપનીના ચેરમેન-એમડી ડૉ. ફારૂક જી. પટેલની પ્રાથમિકતા પર્યાવરણ જાળવણીની છે, પરિણામે તેઓએ ગ્રીન એનર્જી સોલાર અને વિન્ડ ફાર્મ ઊભા કરવાનો વ્યવસાય શરૂ કર્યો છે. કંપની અત્યારસુધી ૪૧ મેટ્રીક ટન કાર્બન એમિશન સેવ કરી ચૂકી છે. વર્ષ ૨૦૩૦ સુધી કંપની ૧૦ લાખ વૃક્ષો વાવણી-જાણવણીનો લક્ષ્ય રાખી રહી છે. માતર આઝમનગર ગ્રુપ ગ્રામ પંચાયતની કેપીઆઈ ગ્રીન હાઈડ્રોજનને વૃક્ષા રોપણ-જાળવણી અને આ વિસ્તારને સુશોભિત કરવા માટેની પરવાનગી અપાઈ હતી. પડતર જમીન પર પણ રોપણ કરાઈ રહેલા ૧૦૦૦ વૃક્ષોની જાળવણી કેપીઆઈ ગ્રીન હાઈડ્રોજન પ્રા. લિ.ની ટીમ કરતી રહેશે. નોંધનીય છે કે, કંપની અહીં ૨૦૦ ન્યૂટન મીટર ક્યુબ પર અવર્સ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતાવાળો પ્લાન્ટ નાંખવા જઈ રહી છે. આ પ્લાન્ટ તો પર્યાવરણની જાળવણીમાં ઉપયોગી થશે જ સાથોસાથ ટ્રી પ્લાન્ટેશન થવાથી આ વિસ્તાર વધુ હરિયાળો થશે. આ ટ્રી પ્લાન્ટેશન-જાળવણીની ડ્રાઈવમાં શકીલ માતરવાળા, મયુર સોલંકી, મોહસીન પટેલ સહિતના કંપનીના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

# આમોદના માતર ગામે કેપી ગ્રુપ દ્વારા ૩૦૦ રોપા વવાયા : ૧૦૦૦ વૃક્ષોનુ રોપણ કરાશે

## કેપી ગ્રુપનું ૨૦૩૦ સુધીમાં ૧૦ લાખ વૃક્ષોમા વાવણી-જાણવણીનું લક્ષ્ય



(તસવીર : ઝફર ગડીમલ)

**વાગરા, તા. ૧૦**

કેપી ગ્રુપની ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદિત કરતી કંપની કેપીઆઇ ગ્રીન હાઇડ્રોજન પ્રા. લિ.ની ટીમ દ્વારા સીએસઆર આર્મ કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના માધ્યમથી આમોદ તાલુકાના માતર તલપદ ગામના પડતર જમીન પર ૧૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર શરૂ કર્યું હતું. પર્યાવરણની જાળવણીના ભાગરૂપે માતર-આઝમનગર ગ્રુપ ગ્રામ પંચાયતના સહયોગથી ૩૦૦ વૃક્ષોની વાવણી કરી હતી.

રિન્યુએબલ એનર્જીમાં કામ કરતી ૩૦ વર્ષ પુરાણી સંસ્થા કેપી ગ્રુપે ભરૂચ, ભાવનગર, પોરબંદર, સુરત, કચ્છ સહિતના વિવિધ વિસ્તારોમાં અત્યારસુધી પાંચ લાખથી વધુ વૃક્ષોની વાવણી કરી તેની જાળવણી કરી રહી છે. જેમાં ડુમસ અને પોરબંદરના દરિયાકાંઠે મેન્ગ્રુવ્સ છોડવાનું વાવેતર પણ સામેલ છે. કંપનીના ચેરમેન-એમડી ડો. ફારુક જી. પટેલની પ્રાથમિકતા પર્યાવરણ જાળવણીની છે, પરિણામે તેઓએ ગ્રીન એનર્જી સોલાર અને વિન્ડ ફાર્મ ઉભા કરવાનો વ્યવસાય શરૂ કર્યો. કંપની અત્યાર સુધી ૪૧ મેટ્રીક ટન કાર્બન એમિશન સેવ કરી ચુકી છે. વર્ષ ૨૦૩૦ સુધી કંપની ૧૦ લાખ વૃક્ષો વાવણી-જાણવણીનો લક્ષ્ય રાખી રહી છે. માતર આઝમનગર ગ્રુપ ગ્રામ પંચાયતની કેપીઆઇ ગ્રીન હાઇડ્રોજનને વૃક્ષા રોપણ-જાળવણી અને આ વિસ્તારને સુશોભિત કરવા માટેની પરવાનગી અપાય હતી. પડતર જમીન પર પણ રોપણ કરાઇ રહેલા ૧૦૦૦ વૃક્ષોની જાળવણી કેપીઆઇ ગ્રીન હાઇડ્રોજન પ્રા. લિ.ની ટીમ કરતી રહેશે.

અત્રે નોંધનીય છે કે, કંપની અહી ૨૦૦ ન્યૂટન મીટર ક્યુબ પર અવર્સ ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન ક્ષમતાવાળો પ્લાન્ટ નાંખવા જઇ રહી છે. આ પ્લાન્ટ તો પર્યાવરણની જાળવણીમાં ઉપયોગી થશે જ સાથોસાથ ટ્રી પ્લાન્ટેશન થવાથી આ વિસ્તાર વધુ હરિયાળો બનશે. ટ્રી પ્લાન્ટેશન-જાળવણીની ડ્રાઇવમાં મુખ્ય અતિથિ તરીકે માતરના સરપંચ ઇરફાન ઉઘરદાર, શકીલ માતરવાળા, મયુર સોલંકી, મોહસીન પટેલ સહિતના કંપનીના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.